


**સુવિચાર : ભગવાનનો આભાર માનું એટલો ઓછો કે હું મુસીબતમાં ફસાયેલો છું, ગુનાહમાં નહીં - શાહબુદ્દીન રાઠોડ**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૧ | ૧૦ જૂન, ૨૦૧૫, બુધવાર ; જેઠ વદ - ૮/૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# માણસામાં ૧૫ મી.મી. વરસાદ નોંધાયો

## સાંજે જિલ્લાભરમાં વાદળછાયુ વાતાવરણ થયું પણ મેઘરાજાનું આગમન થયું નહિ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાએ આજે દસ્તક દઈ દીધી છે. માણસા તાલુકામાં આજે ૧૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

આજે બપોરના ૩.૩૦ સુમારે અસહ્ય ઉકળાટ બાદ વરસાદનું આગમન થયું હતું. શરૂઆતમાં ધીમા છાંટા બાદ પછી વરસાદ સારો એવો થયો હતો.

માણસા તાલુકામાં વરસાદના અહેવાલ બાદ કરતાં જિલ્લાના અન્ય તાલુકામાં ક્યાંય વરસાદ નોંધાયો નથી. માણસામાં વરસાદ થતાં લોકોએ ગરમીમાં થોડીક રાહત અનુભવી હતી.

જિલ્લાના ચારેય તાલુકામાં વાદળો ઘેરાયા હતા અને વાતાવરણ પણ વાદળછાયુ બની ગયું હતું. કયાંક કયાંક હળવા છાંટા પણ પડયા હતા. જો કે જિલ્લાના અન્ય કોઈ વિસ્તારમાં વરસાદ નહિ નોંધાયાનું જિલ્લા તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ચોમાસાએ દસ્તક દેતાં ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાયેલી જોવા મળી રહી છે. જો કે ખરીફ ઋતુના વાવેતર માટે હજુ ખેડૂતોનો જોઈએ તેટલો મૂડ થયેલો જોવા મળતો નથી.

જો કે કેટલાક આગેવાનો આજે થયેલા વરસાદને પ્રી મોન્સુન એકટીવીટી અને લોકલ ફિનોમેલાને લઈ થયેલો વરસાદ લેખાવી રહ્યા છે. હવામાન ખાતુ પણ આગામી બે થી ત્રણ દિવસમાં સમગ્ર રાજયમાં વરસાદ થઈ જશે તેવી શકયતા વ્યકત કરી રહી છે.



વરસાદી માહોલ - શહેરમાં આજે બપોર બાદ વંટોળ ફુંકાયો હતો અને આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. ઠંડો પવન શરૂ થતાં વસાહતીઓને ગરમીમાં ખુબ રાહત મળી હતી. ધીમે ધીમે વરસાદી માહોલ બંધાતો જાય છે. અરબી સમુદ્રમાં સર્જાયેલ ડીપ્રેશનના પરિણામ સ્વરૂપ છેલ્લા ત્રણ-ચાર દિવસથી આકાશમાં વાદળો ઘેરાઈ આવે છે અને વરસાદી વાતાવરણ છવાઈ જાય છે. આજે સવારે આકાશ સ્વચ્છ હતુ પરંતુ બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા અને સાથે જ વંટોળ ફુંકાવવો શરૂ થયો હતો. વંટોળના કારણે ઘરોમાં રેતી ભરાઈ ગઈ હતી. હમણાં જ વરસાદ પડશે એવુ લાગતુ હતુ. છેલ્લા ઘણા સમયથી ભારે ગરમીમાં હેરાન પરેશાન થતા વસાહતીઓ વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે એકદમ ખુશખુશાલ બની ગયા હતા. માહોલ એકદમ ખુશનુમા બની ગયું હતું. ઠંડો પવન ફુંકાવવો શરૂ થતાં વાતાવરણમાં એકદમ ઠંડક પ્રસરી ગઈ હતી. (તસવીર : દિપક જાની)

# અશોબાના પગલે દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદની આગાહી

## હાલમાં વેરાવળથી ૬૦૬ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમે સ્થિત : આજે વધુ તીવ્ર બને તેવી સંભાવના : સાયક્લોનિક સ્ટોર્મ અશોબા યુએઇમાં આતંક મચાવે તેવી શક્યતા

અમદાવાદ,તા. ૯

ચક્વાતી વાવાઝોડુ અશોબા મુંબઈથી ૭૯૦ કિલોમીટર, વેરાવળ ૫૫૦ અને ઓમાનથી ૬૮૦ કિલોમીટર અંતરે કેન્દ્રીત થયું છે અને તે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધશે. ઓમાનના દરિયાકાંઠા તરફ અશોબા વાવાઝોડુ આગળ વધ્યું છે. આગામી કલાકોમાં તે સુર અને મિના અથવા મસ્તક વચ્ચેના વિસ્તારમાંથી પસાર થશે જેથી ત્યાં ભારે વરસાદ થઈ શકે છે. બીજી બાજુ ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. યુએઈમાં વાવાઝોડુ વધુ નુકસાન પહોંચાડી શકે છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાત, કર્ણાટક, કોંકણ, ગોવા અને મહારાષ્ટ્રમાં વાવાઝોડાના કારણે ભારે વરસાદ થવાની શક્યતા દેખાઈ રહી છે. ચોમાસુ હવે કર્ણાટક, ગોવા અને કોંકણની દિશામાં આગળ વધી રહ્યું છે. આગામી ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે. વાવાઝોડુ ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધનાર છે. કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્રમાં ૯૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વાવાઝોડુ અશોબા બુધવાર સુધી તીવ્ર સાયક્લોનિક સ્ટોર્મમાં ફેરવાશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાતમાં માછીમારોને દરિયામાં ન જવાની સૂચના આપવામાં આવી છે. ગુજરાતના તમામ બંદરો ઉપર સિગ્નલ નંબર બે મુકી દેવામાં આવ્યા છે. સાયક્લોનિક સ્ટોર્મ અશોબા હાલમાં મધ્યપૂર્વ અને આસપાસના ઉત્તર-


● અનુસંધાન પાન-૭ પર

**CCTV**

બેંક, સ્કૂલ, કૉલેજ, જ્વેલર્સ, રેસીડેન્સ, ઓફીસ, શૉ-રૂમ વગેરે જગ્યાએ CCTV કેમેરા







IP Camera, IR Speed Dome Camera, IP Dome Box type Camera, Power Supply, DVR etc.

CCTV કેમેરા લગાડવા માટે સંપર્ક કરો.

**APEX ELECTRONICS**

E-236, GIDC, Sector-26, Gandhinagar. Ph. 79-23287800
Mo. 7600044511, 9974003830, 98250 42439
Email : apexelectronics@yahoo.com

**જોઈએ છે**

કલર TV • કલર મોનિટર
જૂના બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...

YOUR OWN Resort



નિરવતાનો રવ...

bansari Greens

week-end home

ગ્રામભારતી પાસે, અમરાપુર, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

**Infocity**
JUNIOR SCIENCE COLLEGE
(HIGHER SECONDARY GUJARATI & ENGLISH MEDIUM SCHOOL)

ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા

Our Key Features

REGULAR PARENTS MEETING | CHINTAN SHIBIR | ADOPT SYSTEM | DOUBT SOLVING SESSION
SILVER STUDENT | STUDENTS MOTIVATIONAL PROJECT | EXPERT FACULTIES | STAR BATCH
EXCELLENT TEACHING METHOD | REGULAR TEST SCHEDULE | 75% SCHOLARSHIP For A1 GRADE STUDENTS | QUALITY MATERIAL

સ્કૂલનું ગૌરવ



Gor Vaibhavi
99.87, A-1



Aashish Jain
99.99 A-1 ગ્રેડ
Percentile ('14)

રાજયમાં બોર્ડમાં પ્રથમ ક્રમે

JEE/ GUJCET- ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ

CONVENIENT HOSTEL FACILITY FOR BOYS AND GIRLS
TRANSPORT FACILITY AVAILABLE

Addmission Open For 6th to Std.12 Std
(For both English and Gujarati Medium)

English Medium : Infocity Compliex, Nr.Gh-0, Annexe Building, Gandhinagar Ph.232 13033, 232 13032
Gujarati Medium : Plot No.42, At.Post : Sargasan, Te.& Dist.Gandhinagar Ph.29289315,29289585

Admission Open Contact : 9824266121, 9979098385, 9825353551



સ્વ. વાસુદેવ લક્ષ્મીશંકર પંડ્યા
સ્વર્ગવાસ દિન જેઠ વદ-૮ વિ.સ. ૨૦૭૦

પ્રથમ પુણ્યતિથિએ
**ભાવભીની અંજલિ**

*न जायते म्रियते वा कदापि- न्नायं भूत्वा भविता वा न भूयः ।*
*अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥*
(श्रीमद भगवद गीता - २-२०)

આ આત્મા કદી જન્મતો નથી કે, મરતો નથી. ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૦)

આજે પ્રથમ પુણ્યતિથિએ
આપના દિવ્ય આત્માને
શત્ શત્ પ્રણામ

લિ.
તીર્થ એસ. પંડ્યા
શૈલેષભાઈ દોશી
દિપકભાઈ જયસ્વાલ
ચિમનભાઈ પટેલ
યોગેશભાઈ નાઈ (સરપંચ, કોબા)
મહાવીર હિલ્સ ગૃપ